## પાલનસંબંધી જાણકારીની શ્રેણી -
## વૉલ્યુમ 20 - પ્રિ-ફંડેડ ઇન્સ્ટ્રુમેન્ટ્સ વિશેની માર્ગદર્શિકા

MCX મેટલ અને એનર્જી
વિશ્વાસ સાથે વેપાર

31 જાન્યુઆરી, 2012 પ્રિ-ફંડેડ ઇન્સ્ટ્રુમેન્ટ્સ વિશેની માર્ગદર્શિકા

| | |
|---|---|
| આવશ્યકતાઓનો સાર | એક્સચેન્જના સભ્યોએ પે ઓર્ડર અને ડિમાન્ડ ડ્રાફ્ટ/ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર જેવાં કોઈપણ પ્રિ-ફંડેડ ઇન્સ્ટ્રુમેન્ટ્સ સ્વીકારતાં પહેલાં નીચે જણાવાયેલી માર્ગદર્શિકાનું પાલન કરવું આવશ્યક છેઃ<br><br>1. જો પ્રિ-ફંડેડ ઇન્સ્ટ્રુમેન્ટનું કુલ મૂલ્ય દરેક ક્લાયન્ટ દીઠ દરરોજનું રૂા. 50,000 અથવા તેના કરતાં વધારે હોય તો તેની સાથે સાથે બૅન્કના ખાતેદારનું નામ અને બૅન્ક અકાઉન્ટનો નંબર ઇસ્યૂઇંગ બૅન્ક દ્વારા પ્રમાણિત થયેલાં હોવાં જોઈએ, અન્યથા સભ્ય તે ઇન્સ્ટ્રુમેન્ટનો અસ્વીકાર કરી શકે છે.<br><br>2. બૅન્કનું પ્રમાણપત્ર આમાંથી કોઈપણ હોઈ શકે છેઃ<br>a. ઇસ્યૂઇંગ બૅન્ક પોતાના લેટરહેડ પર અથવા સાદા કાગળ પર પોતાના સહીસિક્કા સાથે પ્રમાણપત્ર આપી શકે છે,<br>b. ઇન્સ્ટ્રુમેન્ટ આપનાર બૅન્કે પ્રમાણિત કરેલી રિક્વિઝિશન સ્લિપની નકલ<br>c. ઇન્સ્ટ્રુમેન્ટ આપવા માટે બૅન્ક ખાતામાં ડેબિટ કરાઈ છે તેના પુરાવા પેટે પાસબુક/બૅન્ક સ્ટેટમેન્ટની નકલ<br>d. ઇન્સ્ટ્રુમેન્ટની પાછળની બાજુએ ઇસ્યૂઇંગ બૅન્ક દ્વારા પ્રમાણિત થયેલો બૅન્ક અકાઉન્ટનો નંબર તથા ખાતેદારનું નામ<br><br>3. ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર કરવામાં આવ્યું હોય તો સભ્ય આવા ફંડના ઑડિટનો તંતુ સાચવી રાખશે, જેથી એ તકેદારી રાખી શકાય કે ફંડ તેમના ક્લાયન્ટ્સ પાસેથી જ આવ્યાં છે.<br><br>આ ઉપરાંત સભ્યોને સૂચના છે કે તેઓ ઉક્ત સૂચનાઓનું પાલન સુનિશ્ચિત કરવા માટે ઇન્ટરનલ ઑડિટ તથા નિરીક્ષણ મારફતે નજર રાખવાની વ્યવસ્થા વિકસાવે. |
| સંદર્ભ | 1. પરિપત્ર ક્ર. એમસીએક્સ/કોમ્પ/348/2011. તા. 4 ઑક્ટોબર, 2011 |

પેટા નિયમો, નિયમો, વેપારના નિયમો અને પરિપત્રો અમારી વેબસાઈટ http://gujarati.mcxindia.com પર 'ડાઉનલોડ' લિંક હેઠળ ઉપલબ્ધ છે. સભ્યોને અમે સભ્યપદ લિંક હેઠળના વારંવાર પુછાતા પ્રશ્નો (એફએક્યુ)ને પણ વાંચી જવાની વિનંતી કરીએ છીએ.